લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, અમદાવાદના સ્થાયી ખર્ચ માટેની નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ની ચાલુ બાબતોની અંદાજપત્રીય જોગવાઈમાંથી ખર્ચ કરવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ લરવ/૧૦૨૦૧૪/૨૦૧૩/હ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ- 18 JUN 2015

**વંચાણે લીધા**

૧. ગૃહ વિભાગનો તા.૧૫/૦૪/૨૦૧૫નો સમાન ક્રમાંકનો ઠરાવ.
૨. લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, અમદાવાદની કચેરીનો તા.૦૭/૦૫/૨૦૧૫નો પત્ર ક્રમાંકઃ-સમન/રેકર્ડ/૩૪૩/૨૦૧૫.

**ઠરાવ :**

લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, અમદાવાદના સ્થાયી ખર્ચ માટેની નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ની ચાલુ બાબતોની રૂ.૧૨,૯૭,૬૩,૦૦૦/-(રૂ.બાર કરોડ સત્તાણું લાખ ત્રેસઠ હજાર પૂરા)ની અંદાજપત્રીય જોગવાઈને આમુખ ક્રમાંકઃ ૧ માં દર્શાવેલ આ વિભાગના તા.૧૫/૦૪/૨૦૧૫ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

૨. લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, અમદાવાદની કચેરીએ આમુખ ક્રમાંકઃ- ૨ માં દર્શાવેલ તા.૦૭/૦૫/૨૦૧૫ ના પત્રથી નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે ચાલુ બાબતોની ઉક્ત જોગવાઈમાંથી 'હેતુ સદરઃ૨૬૦૦-જાહેરખબર અને જાહેરાત' હેઠળ કરવામાં આવેલ રૂ.૭૦,૦૦,૦૦૦/-(રૂ. સીત્તેર લાખ પૂરા)ની જોગવાઈનો ખર્ચ કરવા બ્યુરો દ્વારા કરવામાં આવેલ આયોજનને વહીવટી મંજૂરી આપવા માટે વિભાગને દરખાસ્ત કરેલ છે.

૩. પ્રસ્તુત દરખાસ્ત પરત્વે કરવામાં આવેલ પુખ્ત વિચારણાને અંતે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, અમદાવાદના સ્થાયી ખર્ચ માટેની નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ની ચાલુ બાબતોની રૂ.૧૨,૯૭,૬૩,૦૦૦/-(રૂ.બાર કરોડ સત્તાણું લાખ ત્રેસઠ હજાર પૂરા)ની અંદાજપત્રીય જોગવાઈ જોગવાઈમાંથી ' હેતુ સદરઃ ૨૬૦૦-જાહેરખબર અને જાહેરાત' હેઠળ કરવામાં આવેલ રૂ.૭૦,૦૦,૦૦૦/-(રૂ. સીત્તેર લાખ પૂરા)ની જોગવાઈનો ખર્ચ કરવા બ્યુરો દ્વારા કરવામાં આવેલ

(પાછળ જૂઓ)

આયોજનને નીચેની શરતોને આધિન આથી વહિવટી મંજુરી આપવામાં આવે છે:-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ મંજુર થયેલ લેખાનુદાન જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિ ની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્ર.:-એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ તથા તે અંગેની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૪. આ અંગેનો ખર્ચ બજેટ સદર "માંગણી ક્રમાંક:૪૩, મુખ્ય સદર: ૨૦૫૫-પોલીસ, ગૌણ સદર: ૧૦૧ – ગુના શોધ-તપાસ અને તકેદારી, પેટા સદર: ૦૨ – રૂશ્વત વિરોધી કાર્યાલય" (આયોજન) હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ માટેના મંજુર થયેલ અનુદાન સામે ઉધારવાનો રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રી(ગૃહ)ની તા.૨૬/૦૫/૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિખિલ ભટ્ટ)
સંયુક્ત સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય પોલીસ અધિકારી અને નિયામકશ્રી, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ઝ-૧, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, આર-શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
- શાખા પસંદગી ફાઈલ.
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.

IT શાખા, વેબસાઈટ પર મૂકવા સારૂ